127

સ્ટાર્ટ –અપ નીતિ અંતર્ગત સ્ટુડન્ટ ઇનોવેશન ફંડ ઉભુ કરવા અને ૨૦૧૭-૧૮ ના નાણાંકીય વર્ષમાં સુધારેલા અંદાજેમાં જોગવાઈમાં સમાવેશ કરી, ખર્ચ કરવાની મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૬/૧૭૧૯/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૮/03/૨૦૧૮

**વંચાણે લીધા**

૧. રાજ્યના શિક્ષણ વિભાગના તા: ૧૧-૧૧-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: PRC/2016/IPIES/DS/710197થી જાહેર કરાયેલ Student Start-up and Innovation Policy (SSIP)
૨. રાજ્યના શિક્ષણ વિભાગના તા. ૧૨-૦૪-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૬/૧૭૧૯/સ.
3. નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણનો તા. ૧૯-૧૨-૨૦૧૭નો પત્ર ક્રમાંક: ડીટીઇ/સ્ટુડન્ટ ઇનોવેશન ફંડ/રિવાઇઝડ મંજૂરી/૨૦૧૭/એફ-૨/છ(આ)/૨૫૬૧૦.

**પ્રસ્તાવના**

રાજ્યમાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રે અંદાજે ૧૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ, ૬૦ યુનિવર્સીટીઓ ખાતે અભ્યાસ કરી રહેલ છે. રાજ્યસ્તરની આ ઉચ્ચ શિક્ષણ અને ટેકનીકલ સંસ્થાનો ખાતે પ્રત્યેક વર્ષે ડીપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક અને પીએચડી કક્ષાના વિદ્યાર્થીઓ દ્વારા major અને minor રીસર્ચ પ્રોજેક્ટ્સ શૈક્ષણિક પ્રવૃતિઓના ભાગ રૂપે કરવામાં આવતા હોય છે. જુદી જુદી યુનિવર્સીટીઓ અને સંસ્થાઓમાં અભ્યાસરત તેજસ્વી વિદ્યાર્થીઓ દ્વારા ઇન્ડસ્ટ્રીઝ, સોસાયટીઝ તેમજ કોમ્યુનીટીઝને ઉપયોગી સંશોધનોને વેગ મળે તેમજ રાજ્યની દરેક યુનિવર્સીટી/સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓ દ્વારા ઉદભવતા નવા આઈડીયાઓની યોગ્ય સ્તરે મુલવણી થાય, રાજ્ય સ્તરે તેની પ્રતિસ્પર્ધા થાય અને તેના થકી આવા સંશોધનો માટે Patent Filing અને Start-up રજીસ્ટ્રેશનમાં નોંધપાત્ર વધારો થાય અને તે માટેની સંભાવનાઓ વધે અને સરકારશ્રીની વિવિધ સ્ટાર્ટઅપ પોલીસીઓમાં આ સંશોધનો પસંદગી પામે તે માટે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે Innovation and Pre-Incubation Eco System (IPIES) વિકસાવવા Student Start-up and Innovation Policy (SSIP) ઉપરોક્ત વંચાણે લીધેલ (૧) ના શિક્ષણ વિભાગના તા.૧૧.૧૧.૨૦૧૭ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ છે.

આ Student Start-up and Innovation Policy (SSIP)ની સમય રેખા ૫ વર્ષ (૨૦૧૭ થી ૨૦૨૧) નિયત કરવામાં આવેલ છે. જે અંતર્ગત ઇનોવેશન પ્રવૃત્તિઓ, ઇવેન્ટસ, પ્રી-ઇન્ક્યુબેશન સુવિધા, પ્રોટોટાઈપિંગ, Hackathon, સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પર શૈક્ષણિક અભ્યાસક્રમો, ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમો, MIS પ્લેટફોર્મ, એવોર્ડ, હ્યુમન રીસોર્સ, પ્રદર્શન/પરિસંવાદ/રોડ શો, ક્ષમતા નિર્માણ, ઇનોવેશન ટૂલકિટ, સ્ટાર્ટઅપ ઉત્સવ, ઇનોવેશન પ્રદર્શન વિગેરે પ્રવૃત્તિઓ કરવાનુ સૂચવવામાં આવેલ છે. આ પોલિસીના અમલીકરણ સંદર્ભે વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ રૂા. ૧૦૦૦.૦૦ લાખની (અંકે રૂપીયા એક હજાર લાખ પુરા)ની નવી બાબત તરીકેની વહીવટી મંજૂરી વંચાણે લીધેલ(૨) શિ.વિ.ના તા.૧૨.૦૪.૨૦૧૭ના ઠરાવથી પ્રદાન કરવામાં આવી હતી.

Student Start-up and Innovation Policy (SSIP) પાંચ વર્ષના સમયગાળામાં રૂ.૧૦૦.૦૦ કરોડનું ઇનોવેશન ફંડ ઉભું કરવામાં આવનાર છે.જેમાં ચાલુ વર્ષે રૂ.૨૦.૦૦ કરોડ પૈકી રૂ.૧૦.૦૦ કરોડની સુધારેલ આઠ માસિક અંદાજેમાં વહીવટી સાથે ખર્ચ કરવાની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાને અંતે સને ૨૦૧૭-૧૮ની નવી બાબત હેઠળ રાજ્યની તમામ સરકારી,અનુદાનિત અને ખાનગી યુનિવર્સિટીઓ સંસ્થાઓ,રાજ્ય સ્તરના કોમન રીસોર્સ સેન્ટર, તેમજ રાજ્ય સ્તરની એજન્સી માટે SSIPમાં નિયત થયેલ વિવિધ પ્રવૃત્તિઓના અમલીકરણ માટે રૂપિયા ચાલુ વર્ષે રૂ.૨૦.૦૦ કરોડ પૈકી રૂ.૧૦.૦૦ ની સુધારેલ આઠ માસિક અંદાજેમાં ખર્ચ કરવાની કાર્ય યોજના સાથે વહિવટી મંજુરી આપવામાં આવે છે. તેમજ તા.૧૨-૦૪-૨૦૧૭ના ઠરાવમાં દર્શાવેલ કાર્યયોજના મુદ્દા નં. ૧ થી ૧૦ યથાવત રહેશે.

આ સુધારેલી વહીવટી મંજૂરી નીચે દર્શાવેલ શરતોને આધિન રહેશે.

(૧) આ બજેટ જોગવાઈમાંથી ખર્ચ તા.૦૧.૦૪.૨૦૧૭થી કરવાનો રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્દિતથી કરવાનુ રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોય તો તેવા કિસ્સામાં ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્યપદ્ધતિ અને કાર્યપ્રણાલીને અનુસરીને ઈ-માર્કેટપ્લસ (જી.ઈ.એમ.)પોર્ટલ પરથી કરવની રહેશે. જો કોઈ આઈટમ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તો ઉધોગ અને ખાણ વિભાગના તા.03.0૬.૨૦૧૬ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૮) જો કોઈ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.00 લાખથી વધુ કિંમતની ખરીદી નાણા વિભાગના તા.૧૭.03.૨003ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.00 લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉધોગ અને ખાણ વિભાગના તા.0૮.0૭.૨૦૧૧ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઈ-ટેન્ડરથી કરવાની રહેશે.

(૯) આ યોજના હેઠળના લાભાર્થીઓનો આધાર સીડિંગ આવશ્યક હોય તો તે મુજબ પણ કાર્યવાહી કરવાની રહેશે તથા આ યોજના હેઠળ કોઈ વ્યકિતઓએ ચૂકવણી કરવી થતી હોય તો તે જે વ્યકિતના બેંક ખાતામાં ડીબીટી મોડથી કરવાની રહેશે.

(૧૦) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકશે નહી અન્યથા તે અંગેની જવાબદારી વિભાગની રહેશે.

(૧૧) આ અંગેના ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૭ થી કરવાનો રહેશે.

માંગણી ક્રમાંક : ૦૯
મુખ્ય સદર : ૨૨૦૩- તકનીકી શિક્ષણ
ગૌણ સદર : ૦૦૧- નિર્દેશ અને વહીવટ
પેટા સદર : ૦૧-TED-1, તકનીકી શિક્ષણ ખાતાનું વહીવટી તંત્ર સંગીન બનાવવું.

હેઠળ ઉધારવાનો અને ચાલુ વર્ષે મંજુર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે. મંજુર કરવામાં આવતી આવર્તક રકમનો ખર્ચ ઓબ્જેક્ટ હેડ ૩૧૩૫ અન્યને સહાયક અનુદાન હેઠળ કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૬/03/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ. જે. મહેતા )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,
- અગ્રસચિવશ્રી, (ઉ. અને ટે. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનીકલશિક્ષણ ની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત નોલેજ સોસાયટી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટશાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સીલેક્ટ ફાઈલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર